# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/11843-844 તા.03/૧૦/૨૦૨૫

પ્રતિ,

આચાર્યશ્રી,

પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

સુરત.જિ.સુરત

વિષય : રાષ્ટ્રીય સાયબર અપરાધ રિપોર્ટિંગ પોર્ટલ અને રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ બાબત.

ઉપરોકત વિષય પરત્વે ભારત સરકાર દ્વારા ડિજિટલ સેવાઓનો ઝડપી પ્રસાર અને ભારતમાં સ્માર્ટફોન અને ઇન્ટરનેટની વધતી પહોંચના કારણે ઓનલાઇન છેતરપિંડી,ઓળખની ચોરી,નાણાંકીય કૌભાંડ,સાયબર બુલિંગ વગેરે જેવા સાયબર ગુનાઓની ઘટનાઓમાં સતત વધારો થઇ રહ્યો છે, આ પડકારને પહોંચી વળવા માટે ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સાયબર અપરાધ રિપોર્ટિંગ પોર્ટલ (www.cybercrime.gov.in) અને રાષ્ટ્રીય હેલ્પલાઇન નંબર ૧૯૩૦ ની શરુઆત કરવામાં આવી છે. શાળાઓમાં પ્રાથના સભામાં આ અંગે વ્યાખ્યાન રાખી શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને માહિતી આપવી. તેમજ તે અંગે વિદ્યાર્થીઓને કેવા પ્રકારે વિવિધ રીતે ફ્રોડ કરવામાં આવે છે તેનાથી પણ અવગત કરવા. વાલીઓ માટે આયોજિત કરવામાં આવતી વાલી મીટીંગ દરમિયાન વાલીઓને આ અંગે માહિતી આપવી અને સમજુત કરવા. સાયબર અપરાધ અંગે વિદ્યાર્થીઓ અને વાલીઓ જાગૃત બને તેવા હેતુથી શાળા કક્ષાએ આયોજિત કરાતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે નિબંધ સ્પર્ધા,વકતૃત્વ સ્પર્ધા,પ્રોજેકટ કાર્ય વગેરેમાં આ મુદ્દાને આવરી લઇ સમાજમાં આવા પ્રકારની છેતરપિંડીથી લોકોને બચાવી શકાય અને આ અંગેની જાગૃતિથી વાલીઓ અને વિદ્યાર્થીઓને અવગત કરી શાળાએ સમાજ જીવન માટે પોતાની શિક્ષણ આપવાની ફરજ પણ નિભાવી શકાય.

આથી ઉકત બાબતે થયેલ ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ વિગતો અન્વયેનો તા.૨૮/૦૭/૨૦૨૫ નો પત્ર આ સાથે સામેલ રાખેલ છે. જેનાથી તમામ વિદ્યાર્થી અને વાલીઓને અવગત કરવાના હેતુથી પ્રચાર-પ્રસાર અર્થે આપની શાળાના નોટિસ બોર્ડ પર મુકવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

**બિડાણ :-** ઉકત પરિપત્રની નકલ

**સવિનય જાણ સારુ :**

- પોલીસ કમિશનરશ્રી સુરત,

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

**પ્રતિ,**

(૧) કમિશનરશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

(૨) કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ઠ્ઠો માળ, કર્મયોગી ભવન,સેક્ટર-૧૦, ગાંધીનગર.

(3) કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૪) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમિક્ષા કેન્દ્ર. સેક્ટર-૧૯, ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, પી.એમ.પોષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર,

(૬) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

(૭) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર નં ૧૦-બી.ગાંધીનગર.

(૮) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેક્ટર નં ૧૨, ગાંધીનગર

(૯) નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, સેકટર-૧૦, ગાંધીનગર

(૧૦)નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજમહેતા ભવન, ગાંધીનગર.

(૧૧) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૧૨) સચિવશ્રી, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧, ગાંધીનગર.

(૧૩) નિયામકશ્રી, એન.સી.સી. હનુમાન કેમ્પ કેન્ટોનમેન્ટ એરીયા, અમદાવાદ.

(૧૪) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ, રાયખંડ ચાર રસ્તા, રાયખંડ, અમદાવાદ.

(૧૬) સેકશન અધિકારીશ્રી(મહેકમ શાખા), શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

**વિષય :** રાષ્ટ્રીય સાયબર અપરાધ રિપોર્ટિંગ પોર્ટલ અને રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ બાબત.

**શ્રીમાન,**

ઉપર્યુક્ત વિષય પરત્વેના ભારત સરકારના ગૃહમંત્રીગૃહમંત્રી અને સહકાર મંત્રી, નવી દિલ્હીના તા.૨૮/૦૭/૨૦૨૫ના પત્ર ક્રમાંક: No. CMS/GOI.2025/33792ની નકલ આ સાથે સામેલ રાખી મોકલ આપતા આજ્ઞાનુસાર જણાવવાનું કે, ડિજિટલ સેવાઓનો ઝડપી પ્રસાર અને ભારતમાં સ્માર્ટફોન અને ઇંટરનેટની વધતી પહોંચના કારણે ઓનલાઈન છેતરપિંડી, ઓળખની ચોરી, નાણાંકીય કૌભાડ, સાયબર બુલિંગ વગેરે જેવા સાયબર ગુનાઓની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. આ પડકારને અસરકારક રીતે પહોંચી વળવા માટે ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સાયબર અપરાધ રિપોર્ટિંગ પોર્ટલ (www.cybercrime.gov.in) અને રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ની શરૂઆત કરવામાં આવી છે. આથી ઉકત બાબતે પત્રની સૂચનાઓ ધ્યાને લઈ આપની વિભાગ/કચેરી તથા કચેરી હસ્તકની જિલ્લાની કચેરીઓમાં જરૂરી સૂચનાઓ પરિપત્રિત કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(એ.એમ.જાદવ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

**બિડાણ:**ઉપર મુજબ

*Signature Not Verified*

*Signed by: A M Jadav
Section Officer
Date:2025.09.03
12:17:09 +5:30*

No. CMS/GOI/2025/33792

अमित शाह

गृह मंत्री एवं सहकारिता मंत्री
भारत सरकार

अ. शा. सं. 22003/30/2025-सी.सी.
दिनांक 28 जुलाई, 2025

श्री भूपेंद्र पटेल जी,

जैसा कि हम सभी जानते हैं कि डिजिटल सेवाओं का तीव्र प्रसार और भारत में स्मार्टफोन तथा इंटरनेट की बढ़ती पहुंच के कारण ऑनलाइन धोखाधड़ी, पहचान की चोरी, वित्तीय घोटाले, साइबर बुलिंग आदि जैसे साइबर अपराधों की घटनाओं में निरंतर वृद्धि हो रही है। ये अपराध समाज के हर वर्ग को प्रभावित करते हैं, विशेषकर उन नागरिकों को जो इस विषय में जागरूक नहीं हैं।

इस चुनौती से प्रभावी ढंग से निपटने हेतु भारत सरकार के गृह मंत्रालय द्वारा *राष्ट्रीय साइबर अपराध रिपोर्टिंग पोर्टल* (www.cybercrime.gov.in) तथा *राष्ट्रीय साइबर हेल्पलाइन नंबर* 1930 की शुरुआत की गई है, जिस पर नागरिक ऑनलाइन वित्तीय धोखाधड़ी एवं अन्य साइबर अपराधों की तुरंत रिपोर्ट कर सकते हैं। हालांकि, इन मंचों की प्रभावशीलता व्यापक जन-जागरूकता पर निर्भर करती है, जिसके लिए पूरे देश, विशेषकर ग्रामीण और दूर-दराज के क्षेत्रों तक साइबर जागरूकता फैलाने के लिए राज्य सरकारों/केंद्र शासित प्रदेशों का सहयोग अत्यंत आवश्यक है। इस दिशा में, हम राज्य स्तर पर आपके सहयोग से निम्न पहलों का विनम्र अनुरोध करते हैं:-

i. राज्य स्तरीय डिजिटल साक्षरता कार्यक्रमों तथा जनसंपर्क अभियानों में साइबर जागरूकता का समावेश करना।

ii. नागरिकों को गृह मंत्रालय के साइबर जागरूकता हेतु आधिकारिक सोशल मीडिया हैंडल ***"Cyberdost"*** को फॉलो / सब्सक्राइब करने की सलाह देना।

iii. **हेल्पलाइन (1930)** एवं पोर्टल की जानकारी सार्वजनिक स्थलों, पुलिस थानों, तथा शासकीय कार्यालयों में प्रदर्शित करना।

iv. राज्य योजनाओं के विज्ञापनों एवं उपयोगिता बिलों में हेल्पलाइन और पोर्टल की जानकारी शामिल करना।

v. स्थानीय प्रभावशाली व्यक्तियों, शैक्षणिक संस्थानों और समुदाय प्रमुखों के साथ मिलकर संदेश का प्रचार करना।

vi. स्कूल पाठ्यक्रमों तथा शिक्षक प्रशिक्षण में साइबर सुरक्षा से संबंधित विषयों का समावेश करना।

**लगातार.....2/-**

कार्यालय : गृह मंत्रालय, नॉर्थ ब्लाक, नई दिल्ली-110001
दूरभाष : 23092462, 23094686, फैक्स : 23094221
ई-मेल : hm@nic.in

इस दिशा में गृह मंत्रालय से किसी भी सहयोग हेतु **"भारतीय साइबर अपराध समन्वय केंद्र"** से संपर्क किया जा सकता है।

हमारा यह विश्वास है कि यह सामूहिक प्रयास साइबर अपराधियों को हतोत्साहित करेगा और नागरिकों को साइबर अपराधों से सुरक्षा के प्रति आश्वस्त करेगा। भारत को डिजिटल रूप से सुरक्षित बनाने की दिशा में हम राज्य की एजेंसियों के साथ समन्वय बनाकर कार्य करने के लिए प्रतिबद्ध हैं।

आपसे अनुरोध है कि उपर्युक्त बिंदुओं के आधार पर संबंधित विभागों को आवश्यक दिशा-निर्देश जारी करने की कृपा करें।

**सादर,**

आपका,

**(अमित शाह)**

**श्री भूपेंद्र पटेल,**
मुख्यमंत्री, गुजरात,
1/4 न्यू सचिवालय,
गांधी नगर, गुजरात

अमित शाह
AMIT SHAH

गृह मंत्री एवं सहकारिता मंत्री
भारत सरकार
HOME MINISTER AND COOPERATION MINISTER
GOVERNMENT OF INDIA

सत्यमेव जयते

**D.O. No. 22003/30/2025-CC**
**Dated, the 28 July, 2025**

**Shri Bhupendra Patel Ji,**

As we all know, the rapid spread of Digital services and increasing access to smartphones and internet in India are continuously increasing the incidents of cybercrimes like online frauds, identity theft, financial scandals, cyberbullying, etc. These crimes affect every section of the society, especially those who are not aware about it.

To effectively deal with this challenge, MHA has launched the National Cyber Crime Reporting Portal (www.cybercrime.gov.in) and National Cyber Helpline Number 1930 on which Citizens can immediately report online financial fraud and other Cybercrime. However, the effectiveness of these platforms depends on wider public awareness. Cooperation of State Governments/UTs is essential to spread cyber awareness to the entire country, especially rural and remote areas to achieve this objective. In this direction, we humbly request your cooperation in following initiatives at the state level:

(i) Inclusion of cyber awareness in State level Digital literacy programmes and public relations campaigns.

(ii) Advising citizens to follow/subscribe the Ministry of Home Affair's official social media handle **"Cyberdost"** for Cyber Awareness.

(iii) Display of helpline (1930) and portal information at public places, Police Stations and Government Offices.

(iv) Inclusion of helpline and Portal information in advertisements and utility bills of State schemes.

(v) Propagate the message in collaboration with local influential persons, educational institutions and community heads.

(vi) Inclusion of topics related to cyber security in school courses and teacher training.

**contd..2/-**

In this regard, the "Indian Cyber Crime Coordination Centre" may be contacted for any cooperation from the Ministry of Home Affairs.

We believe that this collective effort will discourage cyber criminals and assure citizens of their safety from cybercrimes. We are committed to work in coordination with State agencies towards making India digitally secure.

You are requested to kindly issue necessary guidelines to the concerned departments based on the above points.

**With regards,**

Yours sincerely,

**(AMIT SHAH)**

**Shri Bhupendra Patel,**
Chief Minister of Gujarat,
1/4 New Secretariat,
Gandhinagar, Gujarat -382021

अमित शाह
AMIT SHAH

गृह मंत्री एवं सहकारिता मंत्री
भारत सरकार
HOME MINISTER AND COOPERATION MINISTER
GOVERNMENT OF INDIA

सत्यमेव जयते

D.O. No.22003/30/2025-CC
તારીખ 28 જુલાઈ, 2025

**શ્રી ભૂપેન્દ્ર પટેલજી,**

જેમ કે આપણે બધા જાણીએ છીએ કે ડિજિટલ સેવાઓનો ઝડપી પ્રસાર અને ભારતમાં સ્માર્ટફોન અને ઇંટરનેટની વધતી પહોંચના કારણે ઓનલાઇન છેતરપિંડી, ઓળખની ચોરી, નાણાંકીય કૌભાંડ, સાયબર બુલિંગ વગેરે જેવા સાયબર ગુનાઓની ઘટનાઓમાં સતત વધારો થઇ રહ્યો છે. આ ગુનાઓ સમાજના દરેક વર્ગને પ્રભાવિત કરે છે, ખાસ કરીને એવા નાગરિકોને જે આ વિષયમાં જાગૃત નથી.

આ પડકારને અસરકારક રીતે પહોંચી વળવા માટે ભારત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય સાયબર અપરાધ રિપોર્ટિંગ પોર્ટલ (www.cybercrime.gov.in) અને રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઇન નંબર 1930ની શરુઆત કરવામાં આવી છે, જેના પર નાગરિક ઓનલાઇન નાણાંકીય છેતરપિંડી અને અન્ય સાયબર અપરાધોની તુરંત રિપોર્ટ કરી શકે છે. જો કે, આ પ્લેટફોર્મ્સની અસરકારકતા વ્યાપક જન-જાગૃતી પર આધાર રાખે છે, જેના માટે સમગ્ર દેશ, ખાસ કરીને ગ્રામીણ અને છેવાડાના વિસ્તારો સુધી સાયબર જાગૃતિ ફેલાવવા માટે રાજય સરકારો/કેન્દ્ર શાસિત પ્રદેશોનો સહયોગ અત્યંત આવશ્યક છે. આ દિશામાં, રાજય સ્તર પર આપના સહયોગથી નિમ્ન પહેલ કરવાનો નમ્ર અનુરોધ કરીએ છીએ:-

(i) રાજય સ્તરીય ડિજિટલ સાક્ષરતા કાર્યક્રમો અને જનસંપર્ક અભિયાનોમાં સાયબર જાગૃતિનો સમાવેશ કરવો.

(ii) નાગરિકોને ગૃહ મંત્રાલયના સાયબર જાગૃતિ હેતુ સત્તાવાર સોશિયલ મીડિયા હેંડલ ***"Cyberdost"*** ને ફોલો/સબ્સ્ક્રાઇબ કરવાની સલાહ આપવી.

(iii) **હેલ્પલાઈન (1930)** અને પોર્ટલ પરની માહિતી જાહેર સ્થળો, પોલીસ મથકો, અને સરકારી કચેરીઓમાં પ્રદર્શિત કરવી.

(iv) રાજ્ય યોજનાઓની જાહેરાતો અને ઉપયોગિતા બિલમાં હેલ્પલાઈન અને પોર્ટલની માહિતીનો સમાવેશ કરવો.

**ક્રમશઃ......2/-**

Office : Ministry of Home Affairs, North Block, New Delhi-110001
Tel. 23092462, 23094686, Fax 23094221
E-mail : hm@nic.in

(v) સ્થાનિક પ્રભાવશાળી વ્યક્તિઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને સમુદાયના વડાઓ સાથે મળીને સંદેશનો પ્રચારકરવો.

(vi) શાળાના અભ્યાસક્રમો અને શિક્ષક તાલીમમાં સાયબર સુરક્ષા સંબંધિત વિષયોનો સમાવેશ કરવો.

આ સંબંધમાં ગૃહ મંત્રાલય તરફથી કોઈપણ સહકાર માટે "**ભારતીય સાયબર ગુના સંકલન કેન્દ્ર**"માં સંપર્ક કરી શકાય છે.

અમારો આ વિશ્વાસ છે કે આ સામૂહિક પ્રયાસ સાયબર ગુનેગારોને નિરુત્સાહિત કરશે અને નાગરિકોને સાયબર ગુનાઓથી સુરક્ષા પ્રત્યે આશ્વસ્ત કરશે. ભારતને ડિજિટલ રીતે સુરક્ષિત બનાવવાની દિશામાં આપણે રાજ્યોની એજન્સીઓ સાથે સમન્વય બનાવીને કાર્ય કરવા માટે પ્રતિબધ્દ્ છીએ.

આપને અનુરોધ છે કે ઉપરોક્ત મુદ્દાઓના આધારે સંબંધિત વિભાગોને જરૂરી દિશા-નિર્દેશ જારી કરવાની કૃપા કરો.

**સાદર,**

આપનો,

**(અમિત શાહ)**

**શ્રી ભૂપેન્દ્ર પટેલ,**
મુખ્યમંત્રી, ગુજરાત,
1/4 ન્યૂ સચિવાલય,
ગાંધીનગર, ગુજરાત

# સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ,
## સી.આઈ.ડી. ક્રાઈમ, ગુ.રા., ગાંધીનગર

## સાયબર ક્રાઈમની ફરિયાદ માટે

# ૧૯૩૦

**www.cybercrime.gov.in**



વધુ જાણકારી મેળવવા @GujaratCyberCrimeCell અને
@CyberGujarat ને ફોલો, લાઇક અને સસ્ક્રાઇબ કરો.



સોશિયલ મીડિયા પરથી
તમારો નંબર મળેલ છે.
શેર માર્કેટમાં હું કહું એ મુજબ
રોકાણ કરી સારો નફો
મેળવો.
No Caller ID
#ક્યારેય
નહીં
સોશિયલ મીડિયામાં જોવા મળતી શેર માર્કેટની
જાહેરાત, લીંક પરથી અજાણ્યા વ્યક્તિ
પર ભરોસો મુકવો નહી.
સાયબર ક્રાઈમની ફરિયાદ માટે
ડાયલ કરો
1930
@GujaratCyberCrimeCell
વિઝીટ કરો : www.cybercrime.gov.in
www.cybercrime.gov.in પર સાયબર વોલન્ટીયર તરીકે રજીસ્ટ્રેશન કરી ગુજરાત પોલીસને મદદરૂપ થઈ શકો છો.
સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ, સી.આઈ.ડી. ક્રાઈમ, ગુ.રા., ગાંધીનગર


સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ,
સી.આઈ.ડી. ક્રાઈમ, ગુ.રા., ગાંધીનગર
"SEE YOURSELF IN CYBER"
સાયબર ક્રાઈમની ફરિયાદ માટે
૧૯૩૦
અથવા
www.cybercrime.gov.in
PIN No., OTP, CVV કે QR Code અજાણ્યા વ્યકિતને આપશો નહિ.
Multi-Factor Authentication નો ઉપયોગ કરો.
ફ્રી ગીફ્ટ, ફ્રી લોન, ફ્રી ઈન્ટરનેટ માટેની લિન્ક પર કિલક કરવાનું ટાળો.
અજાણ્યા વ્યકિતનો વિડીયો કોલ કે ફ્રેન્ડ રીકવેસ્ટ સ્વીકારશો નહિ.
પાસવર્ડને સુરક્ષીત રાખો અને નિયમિત બદલો.
સાયબર વોલન્ટીયર યોજના
www.cybercrime.gov.in પર સાયબર વોલન્ટીયર
તરીકે રજીસ્ટ્રેશન કરી ગુજરાત પોલીસને મદદરૂપ થઈ શકો છો.
વધુ જાણકારી મેળવવા @GujaratCyberCrimeCell અને
@CyberGujarat ને ફોલો, લાઈક અને સસ્કાઈબ કરો.

# સાયબર ક્રાઇમ
# લોક જાગૃતિ અભિયાન

સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ, સી.આઇ.ડી. ક્રાઇમ, ગુ.રા., ગાંધીનગર

## "જાગૃત રહો, સુરક્ષિત રહો"

જો આપની સાથે સાયબર ક્રાઇમ થાય છે તો આપ નામી અથવા અનામી રીતે તમામ પ્રકારના સાયબર ક્રાઇમ સંબંધિત ફરિયાદ ઓનલાઇન

**National Cyber Crime Reporting Portal**

**www.cybercrime.gov.in**

પર કરી શકો છો.



**સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર 1930**

પર કોલ કરો

**સાયબર વોલન્ટીયર યોજના**

https://cybercrime.gov.in પર સાયબર વોલન્ટીયર તરીકે રજીસ્ટ્રેશન કરી ગુજરાત પોલીસને મદદરૂપ થઇ શકો છો.

જાણકારી મેળવવા @GujaratCyberCrimeCell અને @CyberGujarat ને ફોલો, લાઇક અને સબ્સ્ક્રાઇબ કરો.

## સ્ટેટ સાયબર ક્રાઈમ સેલ,
સી.આઈ.ડી. ક્રાઈમ, ગુ.રા., ગાંધીનગર

# સાયબર ક્રાઈમની ફરિયાદ માટે

# ૧૯૩૦

અથવા

**www.cybercrime.gov.in**

- PIN No., OTP, CVV કે QR Code અજાણ્યા વ્યક્તિને આપશો નહિ.
- Multi-Factor Authentication નો ઉપયોગ કરો.
- ફ્રી ગીફ્ટ, ફ્રી લોન, ફ્રી ઈન્ટરનેટ માટેની લિન્ક પર ક્લિક કરવાનું ટાળો.
- અજાણ્યા વ્યક્તિનો વિડીયો કોલ કે ફ્રેન્ડ રીકવેસ્ટ સ્વીકારશો નહિ.
- પાસવર્ડને સુરક્ષીત રાખો અને નિયમિત બદલો.

## સાયબર વોલન્ટીયર યોજના

www.cybercrime.gov.in પર સાયબર વોલન્ટીયર તરીકે રજીસ્ટ્રેશન કરી ગુજરાત પોલીસને મદદરૂપ થઈ શકો છો.

વધુ જાણકારી મેળવવા @GujaratCyberCrimeCell અને @CyberGujarat ને ફોલો, લાઈક અને સસ્ક્રાઈબ કરો.